# ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
## બ્લોક નંબર ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન
## ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ક્રમાંક : સશધ/NOC/૨૦૨૬/૨૪૪-૪૫ તા.૨૮/૦૯/૨૦૨૬

પ્રતિ,

નિયામકશ્રી/આચાર્યશ્રી,

રમા મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝીક એન્ડ ડાન્સ, વલ્લભવિદ્યાનગર

વિષય : બિન-શૈક્ષણિક વર્ગ-૩ ની જગ્યા ભરવા માટે એન.ઓ.સી. આપવા બાબત

સંદર્ભ : શિક્ષણ વિભાગનો પત્રાંક : ED/૦૭૪૨/૦૫/૨૦૨૬, તા. ૨૯/૦૫/૨૦૨૬

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેના આપની સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ વિગતોના આધારે નીચે મુજબની વર્ગ-૩ની જગ્યા નીચે જણાવેલ શરતોને આધીન સીધી ભરતીથી ભરવા માટે એન.ઓ.સી. આપવામાં આવે છે.

| જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી | હાલનું પગારધોરણ |
|---|---|---|---|
| સિનિયર ક્લાર્ક કમ અકાઉન્ટન્ટ | ૦૧(એક) | બિન અનામત | ફિક્સ પગાર |

**શરતો:**

1. સદર એન.ઓ.સી. અનુદાનિત સંશોધન સંસ્થાઓ માટે સરકારશ્રીના તારીખ: ૧૯/૦૭/૨૦૨૩ ના ઠરાવ, સરકારશ્રીના તા.૨૯/૦૫/૨૦૨૬ ના પત્ર તથા સંસ્થાના તા. ૨૧/૦૮/૨૦૨૬ ના ઠરાવ અને સરકારશ્રીના વખતો વખતનાં ઠરાવની જોગવાઇઓને આધીન રહેશે. અન્યથા મંજુર કરેલ જગ્યાના પગારભથ્થાં ગ્રાન્ટને પાત્ર થશે નહિં.
2. સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામા આવેલ જગ્યા ભરવા માટે જ આપની સંસ્થા કે સંચાલક મંડળ હસ્તકની સંસ્થામાં આ જગ્યાના કર્મચારી સરપ્લસ થઇ અન્ય સંસ્થામાં સમાવ્યા હોય તો તેઓને અગ્રતા આપી ફરજિયાત રિકોલ કરવાના રહેશે.
3. સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગ્યા મંજુર થયા તારીખથી ૦૮ (આઠ) માસ સુધી ચાલુ રાખી શકાશે. જો આ સમયગાળા દરમિયાન ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય તો આપેલ એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે. તથા એન.ઓ.સી. રીન્યુ કરી આપવામાં આવશે નહી.
4. સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા નિયત ભરતી નિયમોની જોગવાઇઓ અને નિયત ભરતી પ્રક્રિયા અનુસાર જ ભરવાની રહેશે. સામાન્ય રીતે રાજ્ય સરકારમાં અમલમાં રહેલ નિયમો, શૈક્ષણિક લાયકાત અને લઘુતમ અનુભવના ધોરણો અનુસાર જ ભરતી કરવાની રહેશે તથા રાજ્ય સરકારના સેવા અને વર્ગીકરણના નિયમો અનુસાર નીચલી જગ્યાના લઘુતમ અનુભવના માપદંડને અનુસરવાનો રહેશે.

Scanned with OKEN Scanner

5. પાંચ વર્ષ દરમિયાન સરકારશ્રીના નાણાં વિભાગના તારીખ : ૨૦/૧૦/૨૦૧૫ થી નિયત કરવામાં આવેલ ધોરણો અનુસાર ફિક્સ પગાર અને ભથ્થાં ઉપર કોઇ જ પ્રકારના વધારાના ભથ્થા મળવા પાત્ર થશે નહી. આ ઉપરાંત કોઇપણ પ્રકારનો પગાર વધારો કે ઉજાફો, મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો, મેડીકલ રીએમ્બર્સમેન્ટ, બોનસ, એલટીસી, રજાનુ રોકડમાં રૂપાંતર, પેશગી કે તેવા અન્ય કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી. પાંચ વર્ષની આ નોકરી દરમ્યાન અવસાનના પ્રસંગે વારસદાર/આશ્રિતને ઉચ્ચક નાણાકીય સહાયની રકમ કે રહેમરાહે નોકરી કે નાણાકીય સહાય મળી શકશે નહી.

6. પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણૂંક આપવામા આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ પાંચ વર્ષની નોકરી સેવા વિષય કોઇપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહી તેમજ મંજુર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામા આવશે નહી તથા નિયત પગારમાં સમાવ્યા તારીખે પેન્શન અંગેની જે યોજના અમલમાં હશે તે લાગુ પડશે.

7. આ જગા હેઠળ નિમણૂંક પામનારને સમાન સંવર્ગના કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોઇ તેવી ફરજો બજાવવાની રહેશે તે માટે કચેરીમાં ફરજપાલનનો જે સમય નિયત કરેલ હોઇ તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

8. આ જગા હેઠળ નિમણૂંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચૂરણ રજા, જાહેર રજા અને સંસ્થાના વેકેશન સિવાયની અન્ય કોઇપણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહી તે સિવાય અન્ય કોઇ રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાનો રહેશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસૂતિ રજાઓ મળવાપાત્ર થશે.

9. નિમણૂંક પામેલ કર્મચારીની સંતોષકારક કામગીરી કે ગેરશિસ્તના કિસ્સામાં સંચાલક મંડળ દ્વારા સંલગ્ન યુનિ./રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર કાર્યવાહી જે તે કક્ષાએથી જરૂરી મંજુરી/પૂર્વમંજુરી મેળવ્યા બાદ જ કરી શકશે તેમજ આ અંગેની તમામ કાર્યવાહીની જાણ આ કચેરીને અચૂક કરવાની રહેશે.

10. પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહી.

11. મંજુર કરેલ જગ્યા માટેની જાહેર ખબર માટેનો મુસદ્દો અત્રેની કચેરી ખાતે મંજૂર કરાવ્યા બાદ બહોળી પ્રસિદ્ધિ ધરાવતા (સમગ્ર રાજ્યની આવૃતિવાળા) અગ્રગણ્ય વર્તમાનપત્રમાં આપવાની રહેશે. તથા આપના જિલ્લાની રોજગાર કચેરી ખાતેથી આ સંવર્ગની નિયમોનુસારની લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી મેળવવાની રહેશે. અને આવા ઉમેદવારોને ભરતી કાર્યવાહીમાં સમાન તક મળે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. એન.ઓ.સીની તારીખથી મોડામાં મોડા ૪૫ દિવસમાં રાજ્ય વ્યાપી પ્રસિદ્ધ દૈનિક વર્તમાનપત્ર અને સ્થાનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવાની રહેશે.

12. જાહેર ખબરમાં શૈક્ષણિક લાયકાત/અનુભવ તથા પગારધોરણ સરકારશ્રી દ્વારા નિયત કરેલ અને પ્રવર્તમાન નિયમાનુસાર જે અમલમાં હોય તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

13. નિમણૂંક કરવામાં આવતી જગાની પુર્વ મંજુરીની દરખાસ્તમાં આપેલ જાહેરખબરનાં અસલ દૈનિક પત્રોના આખા પાનાં રજુ કરવાના રહેશે.

Scanned with OKEN Scanner

14. ભરતી પ્રક્રિયાની સમગ્ર કાર્યવાહી માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીના પ્રતિનિધિશ્રીની ભરતી સમિતીમાં નિયુક્તિ કરવાની રહેશે. તથા સંસ્થા દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીના પ્રતિનિધિશ્રીના નામની માંગણી હેતુ અત્રેની કચેરીને અલાયદી દરખાસ્ત કરવાની રહેશે.

15. મંજુર થયેલ જગ્યાઓ માટે તમામ ઉમેદવારોની લેખિત પરીક્ષાનું સંપુર્ણ સંચાલન સી.સી.ટી.વી. કેમેરાની દેખરેખ હેઠળ કરવાનું રહેશે. તથા સંસ્થાએ સમગ્ર પરિક્ષાના સી.સી.ટી.વી. રેકોર્ડીંગનો સુરક્ષિત રીતે સંગ્રહ કરવાનો રહેશે. તથા ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીને પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંકની પૂર્વમંજુરી માટે દરખાસ્ત કરવામાં આવે તે સાથે સમગ્ર રેકોર્ડીંગ મોકલવાનું રહેશે.

16. ભરતી બાબતે સંસ્થા દ્વારા વખતોવખત કરવામાં આવનાર કાર્યવાહી/પ્રક્રિયા (જાહેરાત થી લઈ નિમણૂંક સુધી) ગુણવતા આધારિત, વિશ્વસનીય અને પારદર્શક રીતે થાય તે મુજબ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. ઉપરાંત તમામ ઉમેદવારો જાણી શકે તે માટે સમગ્ર ભરતી પ્રક્રિયા પારદર્શક રીતે થાય તેનો પ્રબંધ સંબંધિત સંસ્થા દ્વારા કરવાનો રહેશે.

17. ભરતી અંગેની તમામ કાર્યવાહી સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ પ્રવર્તમાન નીતિ નિયમો પ્રમાણે કરવાની રહેશે. ભરતી સંબંધિત તમામ રેકર્ડ અદ્યતન સ્થિતિએ કાયમી રેકર્ડ તરીકે સંસ્થામાં રાખવાના રહેશે.

18. મેરિટ યાદીને આધારે પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંકની પુર્વમંજુરી ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી પાસેથી મેળવ્યા બાદ જ નિમણૂંક હુકમ આપવાનો રહેશે.

19. નિમણૂંકની પૂર્વમંજુરી માટે જરૂરી સાધનિક પત્રકો, જાહેર ખબરોના અસલ દૈનિક પત્રો, લેખિત પરીક્ષાના ગુણાંકનની યાદી તથા સંયુક્ત મેરિટની યાદી સહિત અન્ય જરૂરી સાધનિક કાગળો/દસ્તાવેજો સાથે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીને દરખાસ્ત કરવાની રહેશે.

20. આ એન.ઓ.સી. મુજબની સંબંધિત જગ્યા સીધી ભરતીથી ભરવાની હોઈ શારીરિક યોગ્યતા, ચારિત્ર્ય સંબંધિત તપાસ, નાગરિકત્વ સંબંધિત શરતો, અજમાયશી સમયગાળા અંગેની શરત, નિયોક્તાની પૂર્વ સંમતિ, નિમણૂંક બાદ ખાતાકીય પરીક્ષા વગેરે સંબંધે સંસ્થા/યુનિવર્સિટી/રાજ્ય સરકારમાં જોગવાઈ કરવામાં આવેલ ન હોય તો, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ નાં ભાગ-૩ અને ભાગ-૪ માં દર્શાવ્યા મુજબ યથાયોગ્ય રીતે લાગુ કરવાનાં રહેશે.

21. આ એન.ઓ.સી. સંદર્ભે અંતિમ નિર્ણય કરવાનો અધિકાર તથા એન.ઓ.સી. ની શરતોમાં ફેરફાર કરવાનો હક્ક તથા પૂર્વ મંજુરી સમયે ઉમેદવારનાં સંદર્ભે રાજ્ય સરકારનાં પ્રવર્તમાન નિયમો/ઠરાવોની જોગવાઇઓ ને આધિન શરતો નક્કી કરવાનો હક્ક ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનો રહેશે.

22. ઉક્ત જગ્યા તા. ૩૧/૧૨/૨૦૧૫ બાદ ખાલી થયેલ હોય તો જ ભરવાની રહેશે.

23. ઉપરોક્ત તમામ શરતો નિમણૂંક પામનાર કર્મચારીને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્ર સંબંધિત સંસ્થાએ મેળવવાનું રહેશે.

24. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

**નોંધ પર મળેલ માન. કમિશનરશ્રીની મંજૂરી અનુસાર**

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય જાણ સારૂ રવાના :**

- સેકશન અધિકારીશ્રી, ખ-શાખા, શિક્ષણ વિભાગ, ગાંધીનગર

Scanned with OKEN Scanner